# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


Ref. : જીટીયુ/એસ.સી.-એસ.ટી.સેલ/૨૦૧૩/૮૧૭૨ Date : 14/08/2013

વિષય : અનામત નીતિ અંગેની યુ.જી.સી.ની ગાઈડલાઈન બાબતે.
સંદર્ભ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક : એફ.૧-૫/૨૦૦૬ (એસ.ટી.સી.) તા. ૨૫-૦૮-૨૦૦૬ થી બહાર પાડેલ અનામત નીતિ પરત્વેની ગાઈડલાઈન

## પરિપત્ર :-

આથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈનચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો આવે છે, તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. કેન્દ્ર / રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફ ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નીતિનું પાલન કરવાનું રહે છે. પ્રવર્તમાન જોગવાઈઓને ધ્યાને લેતાં વહિવટી સરળતા ખાતર તેમજ યોગ્ય સમજ મળી રહે તે હેતુસર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અનામત કેટેગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નીતિ તમામ સંસ્થાઓમાં એક જ રહે તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઈઓ નીચે મુજબ છે, જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

**અનામત પ્રમાણ :-**

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧. | અનામત જાતિ (શીડ્યુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨. | અનુસૂચિત જનજાતિ (શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) | ૧૫% |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.) | ૨૭% |

**વિદ્યાર્થી પ્રવેશ :-**

યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમોની નિયમોનુસારની પ્રવેશ પ્રક્રિયા એ.સી.પી.સી. તથા એ.સી.પી.ડી.સી. દ્વારા હાથ ધરવામાં આવે છે.

**સ્ટાફ ભરતી :-**

(૧) અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો માટે અલગથી ઈન્ટરવ્યુ કાર્યવાહી કરવાની રહેશે.
(૨) જો અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો સામાન્ય મેરીટ મુજબ પસંદગી પામે તો તેને સામાન્ય કેટેગરીમાં ગણવાના રહેશે. અનુસૂચિત જાતિ/જનજાતિના પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહીં.
(૩) જો બઢતીમાં ફીડર કેડરમાં અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે તથા પ્રમાણ જાળવવાનું રહેશે.
(૪) સરકારશ્રીએ નિયત કરેલ રોસ્ટર ક્રમાંક મુજબ ભરતી/બઢતી કાર્યવાહી કરવાની રહેશે.
(૫) વરણી સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિના ૧ પ્રતિનિધી હોવા આવશ્યક છે.

(પાછળ...)




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati-Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 500
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : +91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4, Electronic Estate, G.I.D.C., Nr. Government Polytechnic, Sector-26, Gandhinagar - 382 028, Gujarat.
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

**હોસ્ટેલ પ્રવેશ :-**
હોસ્ટેલની સુવિધા/સગવડ ઉપલબ્ધ થયે, નિયત થયેલ નિયમોનુસાર પ્રવેશ ફાળવવામાં આવે છે.

**સ્ટાફ આવાસ :-**
સ્ટાફ આવાસની સુવિધા/સગવડ ઉપલબ્ધ થયે, સમિતિ દ્વારા નિયત થયેલ નિયમોનુસાર ફાળવણી કરવામાં આવશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે સદર કામગીરીના સંકુલન, નિયંત્રણ, અમલીકરણ માટે મુખ્ય હિસાબી અધિકારી કક્ષાના અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. અનામત નીતિના અમલ અર્થે દરેક કોલેજ કક્ષાએ જે તે કોલેજના આચાર્યશ્રીના અધ્યક્ષસ્થાને સલાહકાર સમિતિની રચના કરવાની રહેશે. જેનું માળખુ નીચે મુજબ છે. સમિતિની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. જે તે બેઠકમાં અગાઉની બેઠકોમાં થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે. જે તે કોલેજ/સંસ્થામાં કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ આરક્ષણ નીતિ તથા તે પરત્વે વિદ્યાર્થી પ્રવેશ/સ્ટાફ ભરતી બાબતમાં પ્રમાણ જાળવવા અંગેની સમીક્ષા, નિયંત્રણ, અમલીકરણ કરવાનું રહેશે. તેમજ કમિટીની રચના અને કાર્યવાહીની જાણ અત્રેની યુનિવર્સિટીના એસ.સી./એસ.ટી. સેલને કરવાની રહેશે.

**કોલેજ ખાતેની સલાહકાર સમિતિ :-**

| | | |
|---|---|---|
| (૧) | સંબંધિત સંસ્થાના આચાર્ય/વડા | - અધ્યક્ષશ્રી |
| (૨) | બે થી ચાર શૈક્ષણિક સ્ટાફ (જેમાં અનુસૂચિત જાતિ/જનજાતિ/જનરલ/મહિલા - જનરલના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.) | - સભ્યશ્રી |
| (૩) | અ. સંબંધિત જિલ્લાના જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/ બ. તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ કલ્યાણ, | - સરકારશ્રીના પ્રતિનિધી |
| (૪) | મુખ્ય હિસાબી અધિકારીશ્રી, એસ.સી. - એસ.ટી. સેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ. | - યુનિવર્સિટીના પ્રતિનિધી |

અનામત નીતિના બાબતે સંદર્ભિત પત્રથી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને બહાર પાડેલ ગાઈડ લાઈનની નકલ આ સાથે અમલ અર્થે સામેલ છે, જેનો ચુસ્ત અમલ કરવા સર્વેને જણાવવામાં આવે છે.

**બિડાણ :-** સંદર્ભ ૧ ની ગાઈડ લાઈન

**S/d**
**ઈ/ચા રજીસ્ટ્રાર**

**પ્રતિ,**
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) માન્ય સંસ્થાઓના વડાઓ
(૩) યુનિવર્સિટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ
(૪) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ

**નકલ સાદર રવાના :-**
માનનીય કુલપતિશ્રીના અંગત સચિવશ્રી




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati-Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 500
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : +91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4, Electronic Estate, G.I.D.C., Nr. Government Polytechnic, Sector-26, Gandhinagar - 382 028, Gujarat.
**e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in**